# સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર
## નિયામક, વિકસતી જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
## ભારત સરકાર/ રાજ્ય સરકારની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ/સહાય યોજનાઓનો અમલ Online કરવા બાબત.

નિયામક, વિકસતી જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર હસ્તકની નીચે મુજબની યોજનાઓનો અમલ ડિજિટલ ગુજરાત પોર્ટલ મારફત (https://www.digitalgujarat.gov.in તેમજ https://www.digitalgujarat.gov.in/gssp/) કરવાનો થાય છે. ગુજરાત રાજ્યના ધો:૧૧-૧૨, ડિપ્લોમાં, આઇ.ટી.આઇ., સ્નાતક, અનુસ્નાતક, એમ.ફીલ, પી.એચ.ડી સુધીના સરકાર માન્ય અભ્યાસક્રમોમાં રાજ્યની સરકારી અને ગ્રાંટ-ઇન-એઇડ શાળાઓમાં અભ્યાસ કરતા ધો.૧૧, ૧૨ના અને સરકારી ITI / પોલીટેકનીક તેમજ રાજ્યની સરકારી/ ગ્રાંટ-ઇન-એઇડ/ખાનગી યુનિવર્સિટીઓ/કોલેજો/સંસ્થાઓમાં અભ્યાસ કરતાં વિકસતી જાતિના વિદ્યાર્થીઓને કે જેણે રાજ્ય સરકારશ્રીની MYSY મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના કે અન્ય કોઇ શિષ્યવૃત્તિ/સહાય યોજનામાં લાભ ન લેવાનો હોય તેવા વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ પાસેથી અગાઉના વર્ષની જેમ ચાલુ શૈક્ષણિક વર્ષ: ૨૦૨૫-૨૬માં શિષ્યવૃત્તિ/સહાય માટે ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે.

1. PM -YASASVI Post Matric Scholarship for OBC, EBC and DNT Students
2. BCK-80 Instrumental Assistance for Medical, Engineering, Diploma students (SEBC)
3. BCK-79 Food Bill Assistance for Medical, Engineering Students (SEBC)
4. Food Bill Assistance for Medical, Engineering Students (NTDNT)
5. BCK-98 Fellowship scheme for M.Phil., Ph.D. students (SEBC)
6. BCK-81C Scholarship for students studying Dr. Ambedkar and Indira Gandhi Open University (SEBC)
7. Private Tuition Coaching Assistance to SEBC Students (Std:11-12)
8. BCK -325 Educational Assistance for NTDNT Students Studying in Self-Financed College (NTDNT)

- ઉક્ત યોજનાઓ અંતર્ગત શૈક્ષણિક વર્ષ: ૨૦૨૫-૨૬ માટે શાળા/કોલેજ/યુનિવર્સિટી/ITI/સંસ્થા કક્ષાના વિકસતી જાતિના પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને તા:૧૭/૦૭/૨૦૨૫ થી તા:૩૦/૦૯/૨૦૨૫ સુધીમાં શિષ્યવૃત્તિ/સહાય મેળવવા માટે વેબસાઇટ https://www.digitalgujarat.gov.in પર Online અરજીઓ કરવા જણાવવામાં આવે છે.
- વિદ્યાર્થીએ વધુ માહિતી માટે "ડિજિટલ ગુજરાત પોર્ટલ પર વિકસતી જાતિના વિદ્યાર્થીઓને પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ માટે ઓનલાઇન અરજી કરવા અંગેની અગત્યની માર્ગદર્શક સુચનાઓ અને યોજનાઓની વિગત" વાંચવાની રહેશે જે ડિજિટલ ગુજરાત પોર્ટલ પરથી ડાઉનલોડ કરી શકાશે.
- તેમજ ક્રમ નં. ૩,૭ અને ૮ પરની યોજનાઓ અંતર્ગત યોજનાઓના ઠરાવો તેમજ પરીપત્રો ધ્યાને લેવાના રહેશે. વિદ્યાર્થીએ તમામ વિગતો ધ્યાને લઇને શિષ્યવૃત્તિ/સહાય યોજનાઓમાં Online અરજી કરવાની રહેશે. જો વિદ્યાર્થી દ્વારા શરતચુકથી બીજી યોજનામાં અરજી કરેલ હશે તો પાછળથી તફાવતની રકમ મળવાપાત્ર થશે નહિ જેની ખાસ નોંધ લેવી.
- કોલેજ/સંસ્થા/યુનિવર્સિટીના માન્ય શૈક્ષણિક સત્ર મુજબ એક શૈક્ષણિક સત્રમાં એક વાર શિષ્યવૃત્તિ મળવાપાત્ર રહેશે.

❖ <u>ઉચ્ચત્તર માધ્યમિક શાળા (ધો: ૧૧/૧૨) / તમામ કોલેજો/ યુનિવર્સિટીઓ / આઇ.ટી.આઇ./સંસ્થાઓએ કરવાની કાર્યવાહી:-</u>

➔ ગત વર્ષે શાળા/કોલેજ/યુનિવર્સિટી/ITI/સંસ્થાએ જે ID-Passwordની મદદથી શિષ્યવૃત્તિ/સહાય યોજનાની કામગીરી ડિજિટલ ગુજરાત પોર્ટલ પર કરેલ હતી તે જ ID-Passwordની મદદથી ચાલુ વર્ષ ૨૦૨૫-૨૬માં કામગીરી કરવાની રહેશે. જો કોઇ આચાર્યશ્રીને પોતાનો પાસવર્ડ યાદ ન હોય તો "Forgot Password" ઓપ્શનની મદદથી પાસવર્ડ બદલી શકાશે. (જો કોઇ આચાર્યશ્રીનો મોબાઇલ નંબર કે નામ બદલાવવાની જરૂરીયાત ઉભી થાય તો જિલ્લાની OBC/SC/ST કચેરીનો સંપર્ક કરી બદલાવી શકાશે.)

➔ જો કોઇ શાળા/કોલેજ/સંસ્થા ડિજિટલ ગુજરાત પોર્ટલ પર પ્રથમ વખત કામગીરી કરતા હોય તો નીચે મુજબની કામગીરી કરવાની રહેશે:
કોલેજ/યુનિવર્સિટી કક્ષાની દરેક સંસ્થાઓ માટે તેઓનો By Default Login ID સંસ્થાનો AISHE કોડ રહેશે જ્યારે By Default Password જિલ્લા કક્ષાએથી મળેલ પરિપત્રમાં જણાવ્યા મુજબનો રહેશે. જે સંસ્થાઓ પાસે AISHE કોડ ન હોય તેમણે શિક્ષણ વિભાગની સંબધિત કચેરી KCG, અમદાવાદ પાસેથી મેળવવાનો રહેશે. ધોરણ:૧૧-૧૨માં દરેક ઉચ્ચત્તર માધ્યમિક શાળાનો DISE કોડ તેનો Login ID રહેશે જ્યારે By Default Password જિલ્લા કક્ષાએથી મળેલ પરિપત્રમાં જણાવ્યા મુજબનો રહેશે. પ્રથમ વખત લોગીન થયા બાદ સંસ્થાએ Default પાસવર્ડ Change કરવાનો રહેશે તેમજ પ્રથમ વખત લોગીન કરતી હોય તેવી તમામ કોલેજ/યુનિવર્સિટી/સંસ્થાએ પોતાના લોગીન માંથી "Admin" મેનુમાં જઇ "Institute Profile" ફરજિયાત અપડેટ કરવાની રહેશે અને કોલેજ/ યુનિવર્સિટી/સંસ્થામાં જે કોર્ષ ચાલતા હોય તેની વિગતો પોતાના લોગીન માંથી "Admin" મેનુમાં જઇ "Institute and Branch Mapping" પર કલીક કરી એડ કરવાના રહેશે. કોલેજ/યુનિવર્સીટી/સંસ્થા દ્વારા પોતાની પ્રોફાઇલ અપડેટ કરવામાં આવશે તેમજ કોર્ષની વિગતો એડ કરવામાં આવશે ત્યારબાદ જ વિદ્યાર્થીઓને Online અરજી કરતી વખતે પોર્ટલ પર જે તે કોલેજ/યુનિવર્સિટી/સંસ્થાનું નામ જોવા મળશે અને અરજીપત્રકો Online ભરી શકાશે જેની નોંધ લેવી. દરેક વર્ષે સંસ્થા/કોલેજએ પોતાની પ્રોફાઇલ પણ અપડેટ કરવી ફરજીયાત છે.

➔ GIA /સરકારી ITIએ પોતાનો ID Password પોતાની રીજીઓનલ ઓફીસ (RDD) પાસેથી લેવાનો રહેશે.

➔ તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ/ કોલેજો/ યુનિવર્સિટીઓ/ આઇ.ટી.આઇ/ સંસ્થાઓએ ઉક્ત યોજનાઓ પૈકી લાગુ પડતી કેટેગરી – જાતિ મુજબના વિદ્યાર્થીઓને મહત્તમ લાભ થઇ શકે તે માટે સંસ્થાના નોટીસ બોર્ડ પર યોજનાની માહિતી પ્રસિદ્ધ કરી વિદ્યાર્થીઓના ધ્યાન પર લાવવા વિનંતી કરવામાં આવે છે.

➔ વિદ્યાર્થીઓની અરજી કરવાની કામગીરી બાદ તમામ ઉચ્ચતર માધ્યમિક શાળા/ કોલેજો/ યુનિવર્સિટીઓ/ આઇ.ટી.આઇ./સંસ્થાઓએ પોતાના User ID/Passwordના આધારે ઉક્ત તમામ વિદ્યાર્થીઓની ઓનલાઇન અરજીના Verificationની કામગીરી કરી Higher Authority એટલે કે સંબધિત જિલ્લા કચેરીને Online Forward કરવાની રહેશે અને તમામ હાર્ડકોપી સહિતની દરખાસ્તો જિલ્લા કચેરીએ સમય મર્યાદામાં જમા કરાવવાની રહેશે.

➔ વધુ માહિતી માટે આચાર્યશ્રીઓએ જિલ્લાકક્ષાએથી મળેલ પરીપત્રમાં આપેલ સૂચનાઓ તેમજ માર્ગદર્શીકા ધ્યાને લેવાની રહેશે. તેમજ સબંધિત જિલ્લા કચેરીનો સંપર્ક કરવાનો રહેશે.

નિયામક
વિકસતી જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર